વડોદરા-મુંબઈ એક્સપ્રેસ-વેમાં સંપાદિત જમીનના ક્ષેત્રફળમાં તફાવત

ન્યાય માટે ખેડૂતો સીએમના દ્વારે

9 મહિના પહેલા બાકી વળતર માટે ખેડૂતોએ પ્રાંત અધિકારી અને ડીએલઆર કચેરીમાં રજૂઆત કરી હતી

વિરોધ વિના જમીન સંપાદનમાં આપનાર ખેડૂતોને ચલકચલાણી!

ધેજ: ચીખલીના બારોલીયા ગામે વડોદરા-મુંબઈ એક્સપ્રેસ-વેમાં સંપાદિત જમીનના ક્ષેત્રફળમાં તફાવત અંગેની વારંવારની રજૂઆત બાદ પણ પ્રાંત અધિકારી અને ડીએલઆર કચેરી દ્વારા એકબીજા પર ઢોળી ન્યાય ન આપવામાં આવતા ખેડૂતો દ્વારા મુખ્યમંત્રીને રાવ કરવામાં આવી છે.

તાલુકાના બારોલીયા ગામે વડોદરા-મુંબઈ એક્સપ્રેસ-વે માં સંપાદિત બ્લોક નંબર-૨૮૨, ૨૯૯, ૨૯૪, ૨૯૭, ૨૭૭, ૨૭૪, ૩૭૮, ૩૦૦, ૨૭૫, ૩૦૭, ૨૭૨, ૩૦૫, ૩૭૬ વાળી જમીનના ક્ષેત્રફળમાં મોટાપાયે ભૂલો થઈ હોય ઉપયોગમાં લેવાયેલી જમીનની સામે ઓછું ક્ષેત્રફળનું વળતર મળતા ખેડૂતોને મોટું આર્થિક નુકસાન થવા પામ્યું હોય પ્રાંત અધિકારી દ્વારા ડીએલઆર કચેરી મારફત સ્થળ પર ખેડૂતોને સાથે રાખીને ફેર માપણી કરાવી ક્ષેત્રફળમાં તફાવત જમીનનું બાકીનું વળતર ચૂકવવામાં આવે તેવી ખેડૂતો દ્વારા ગત ફેબ્રુઆરી માસમાં જ લેખિત રજૂઆત કરાઈ હતી.

બારોલીયાના ખેડૂતોની રજૂઆતના નવ મહિના જેટલો લાંબો સમય વીતવા છતાં ખેડૂતોને ન્યાય મળ્યો નથી અને પોતાની સોનાની લગડી સમાન ફળદ્રુપ જમીન ગુમાવનાર ખેડૂતોની વ્યથા સાંભળવા અધિકારીઓને ફૂરસદ નથી અને હાલે પ્રાંત અધિકારી અને ડીએલઆર કચેરી દ્વારા એકબીજાને ખો આપવામાં આવતા હાલ ખેડૂતો દ્વારા મુખ્યમંત્રીના દ્વાર ખખડાવવામાં આવ્યા છે. ત્યારે હજુ પણ ખેડૂતોને ન્યાય મળશે કે કેમ એ તો આવનાર સમય જ બતાવશે, પરંતુ એક્સપ્રેસ-વે નો વિરોધ કર્યા વિના રાજીખુશીથી પોતાની મહામૂલી જમીન આપી દેનાર ખેડૂતોએ અધિકારી રાજમાં સરકારી કચેરીના પગઠિયા ઘસવાની નોબત આવી છે.

ન્યાય મેળવવા ખેડૂતોના વલખાં

એક તરફ ખેડૂતોની લેખિત રજૂઆતને પ્રાંત, ડીએલઆર સહિતની કચેરી દ્વારા ધ્યાને લેવાતી નથી અને એકબીજાને ખો-આપી જવાબદારીમાંથી હાથ ખંખેરવામાં આવી રહ્યા છે. બીજી તરફ હાઇવે ઓથોરિટી દ્વારા પોલીસ બંદોબસ્ત ખડકી કામ કરાવી ખેડૂતોની રજૂઆતને ચેનકેન પ્રકારે કચડી નાંખવાનો પ્રયાસ કરાતો હોય છે. તેવામાં ખેડૂતો લાચાર થઈ જવા સાથે ન્યાય મેળવવા ઘર્ષણ કરવાની નોબત આવતી હોય છે. ત્યારે ખેડૂતોને ન્યાય મળે તે માટે ચૂંટાયેલા પ્રતિનિધિઓ રસ દાખવે તે જરૂરી છે.

સંપાદિત જમીનનું વળતર ક્યારે મળશે?

બારોલીયા ગામે બ્લોક નંબર ૨૯૨ વાળી જમીન સંપાદિત તો કરાઇ પરંતુ ખેડૂતોને નોટિસ સુધ્ધા આપવામાં આવી નથી. પ્રાંત અધિકારીની કચેરીનો અંધેર કારભાર ઉજાગર થવા પામ્યો છે. ખેડૂતોની લેખિત રજૂઆતમાં જણાવ્યાનુસાર બારોલીયા ગામના બ્લોક નંબર-૨૯૨ વાળી જમીન સંપાદન થઈ છે. પરંતુ ખેડૂતોને નોટિસ પણ આજદિન સુધી આપવામાં આવી નથી અને સંપાદિત જમીનનું વળતર પણ ચૂકવવામાં આવ્યું નથી.

નવસારીમાં ઠંડી ઘટી, તાપમાનમાં 1.5 ડિગ્રીનો વધારો

નવસારી: નવસારી જિલ્લામાં ઠંડીનું પ્રમાણ ઘટી ગયું છે. જો કે દિવસે ગરમી યથાવત છે. લઘુત્તમ તાપમાનમાં એક જ રાતમાં 1.5 ડિગ્રીના વધારા સાથે ઠંડીનો ચમકારો ઓછો થયો હતો. આ સિઝનમાં બે દિવસ 17 ડિગ્રી તાપમાન ગયા અઠવાડિયે નોંધાયા બાદ સોમવારની રાત્રે લઘુત્તમ તાપમાન 16.9 ડિગ્રી નોંધાયું હતું.

મંગળવારની રાત્રે લઘુત્તમ તાપમાન 17.5 ડિગ્રી હતું, જે એક રાતમાં 1.5 ડિગ્રી વધી બુધવારની રાત્રે લઘુત્તમ તાપમાન 19 ડિગ્રી નોંધાયું હતું. જ્યારે મહત્તમ તાપમાનમાં નજીવો ઘટાડો થયો હતો. બુધવારે મહત્તમ તાપમાન 31.5 ડિગ્રી હતું, જે ગુરુવારે 0.2 ડિગ્રી ઘટી 31.3 ડિગ્રી નોંધાયું હતું. એક જ રાતમાં ઠંડીમાં દો ડિગ્રીનો ઘટાડો થતાં ઠંડીનો ચમકારો ઓછો થયો હતો.

સંક્ષિપ્ત સમાચાર

ભૌતિકવાદ, ભોગવાદના ચક્કરમાં આજે માણસ અટવાઈ ગયો: પદ્મદર્શનવિજયજી

નવસારી: મધુમતી સ્થિત શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન સંઘ નવસારીમાં પૂ. પ્રવચનપ્રભાવક પંન્યાસપ્રવર પદ્મદર્શનવિજયજી મહારાજની પાવન પધરામણી થઈ હતી. આ પાવન અવસરે ધર્મસભાનું આયોજન થયું હતું. ધર્મસભાને સંબોધતા પૂ. પંન્યાસપ્રવર પદ્મદર્શનવિજયજી મહારાજે જણાવ્યું હતું કે, આજનો માનવ સાધના, આરાધનાના ક્ષેત્રે પ્રગતિ કરી રહ્યો છે પણ જીવનના સંગ્રામમાં હારી રહ્યો છે એવું લાગે છે. માણસે સત્તા, સંપત્તિ અને સામગ્રીના ઢગલા કર્યા પણ એ ઢગલાની વચ્ચે કર્મસત્તાએ એને દબોચી લીધો છે. અર્થ-કામની પાછળનાં પાગલપણાનાં કારણે ભૌતિકવાદ, ભોગવાદ અને યન્ત્રવાદના ચક્કરમાં આજે માણસ અટવાઈ ગયો છે. ધર્મ અને મોક્ષપુરુષાર્થ જાણે કે બિલકુલ વિસરાઈ ગયા હોય એવું લાગે છે. સંવેદનશીલતા ગુમાવી દીધી છે. સત્ત્વહીનતા એ ભયંકર કોટીનો અપરાધ છે. જ્યાં સુધી આ અપરાધ દૂર નહીં થાય ત્યાં સુધી અધ્યાત્મનું ઉર્ધ્વીકરણ નહીં થાય.

ખેલ મહોત્સવમાં નાની વહીયાળ હાઈસ્કૂલની અનેરી સિદ્ધિ

વલસાડ: સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત રમતગમત યુવા અને સાંસ્કૃતિક વિભાગ ગાંધીનગર ગુજરાત સરકાર જિલ્લા રમતગમત પ્રશિક્ષણ કેન્દ્ર વલસાડ દ્વારા ધરમપુર તાલુકાનો ખેલ મહોત્સવ સાર્વજનિક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા નાનીવહીયાળમાં તા. 6 થી 11 દરમિયાન યોજાયો હતો. જેમાં નાનીવહીયાળ હાઈસ્કૂલે 20 સ્પર્ધાઓમાં પ્રથમક્રમ અને 10 સ્પર્ધાઓમાં બીજો ક્રમ પ્રાપ્ત કરી ધરમપુર તાલુકામાં પ્રથમ નંબરે રહી છે. જેમાં 600, 400 મીટર દોડ, યોગાસન, બરછી ફેંક, લંગડી, ગોળાફેંક સહિતની રમતોનો સમાવેશ થાય છે. શાળા મંડળ, આચાર્ય શૈલેષ પટેલ, વાલીમંડળના પ્રમુખ દિલીપભાઈ પટેલ, ઉપાધ્યક્ષ કમલેશભાઈ પટેલે તમામ વિજેતા વિદ્યાર્થીઓને તથા વ્યાયામ શિક્ષિકા અમિતાબેન ગામીત અને ટ્રેનર વિજયકુમાર વાનીને અભિનંદન પાઠવ્યા હતા.

વાપી આર.કે. દેસાઈ કોલેજનું ગૌરવ

વાપી: વાપી આર.કે. દેસાઈ કોલેજ ઓફ સાયન્સ અંતર્ગત એમ.એસ. સી. સેમેસ્ટ- 3 ઓર્ગેનિક કેમિસ્ટ્રીના વિદ્યાર્થીઓએ 2025-26માં VNSGU દ્વારા લેવાયેલી પરીક્ષામાં જાહેર થયેલા પરિણામમાં સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધાર્યું છે. જેમાં પ્રથમ ક્રમે આવનાર વિદ્યાર્થી એમ.એસ.સી કેમિસ્ટ્રીના વિદ્યાર્થી પૈકી પ્રથમ ક્રમે મૌર્ય શિવાની- SGPA- 7.58, અને દ્વિતીય ક્રમે પટેલ વિપુલ- SGPA- 7.50 આવ્યા હતા. આ જ્વલંત સિદ્ધિ મેળવવા બદલ સંસ્થાના ચેરમેન મિલન દેસાઈ તેમજ સંસ્થાના ઇન્ચાર્જ ડાયરેક્ટર ડો.મિત્તલ શાહ, ઇન્ચાર્જ આચાર્ય પ્રો.સુરભી ચૌધરીએ શુભેચ્છા પાઠવી હતી.

પેન્શનર્સ એસો. ઓફ રેલવે વેસ્ટ ઝોન બીલીમોરા શાખાનો વાર્ષિકોત્સવ યોજાયો

બીલીમોરા: પેન્શનર્સ એસોસિએશન ઓફ રેલવે વેસ્ટ ઝોન બીલીમોરા શાખા આયોજિત વાર્ષિકોત્સવ કાર્યક્રમમાં ૨૦૦થી વધુ નિવૃત્ત રેલ્વે કર્મચારીઓ અને તેમના પરિવારજનોએ હાજરી આપી હતી. પેન્શન કેસોની સફળતા સહિતની વિગતો તથા પેન્શનરોની ફરિયાદો અને તેના નિવારણ માટેની માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમના મુખ્ય અતિથિ નગરપાલિકાના પ્રમુખ મનીષભાઈ બી પટેલ, ઉપપ્રમુખ તેજલબેન જોશી, તથા એસબીઆઈ બેંકના ચીફ મેનેજર મનોજકુમાર સહિત મુંબઈથી અશોક બક્ષી મહાસચિવ પેન્શનર્સ એસોસિએશન ઓફ રેલવે વેસ્ટ ઝોન અને ઝેવિયર પરમાર ટ્રેઝરર પેન્શનર્સ એસોસિએશન ઓફ રેલવે વેસ્ટ ઝોન ખાસ ઉપસ્થિત રહ્યા હતા. એક વર્ષના ટૂંકા ગાળામાં મેળવેલી સફળતાની સરાહના કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે જ્ઞાન પ્રકાશ શર્મા ચેરમેન, મનહરભાઈ ડી પટેલ વર્કિંગ ચેરમેન, હર્ષદભાઈ માહ્યાવંશી સેક્રેટરી, અનંતભાઈ દેસાઈ ટ્રેઝરર સહિત કમિટી સભ્યો તથા કારોબારી સમિતિ સભ્યો દ્વારા જેહમત ઊઠાવી હતી.

મંદિર હાઇસ્કૂલનો વિજ્ઞાન પ્રોજેક્ટ એસ.વી. એસ. કક્ષાએ પ્રથમ

નવસારી: બુધવારના રોજ ગુરુકુળ સુપા ખાતે એસ.વી.એસ -1 જલાલપોર, નવસારી તાલુકા કક્ષાનો ગણિત વિજ્ઞાન પર્યાવરણ પ્રદર્શન યોજાયું હતું, જેમાં વિભાગ-3 ગ્રીન એનર્જી વિભાગમાં Smart Solar Tracker & Flower પ્રોજેક્ટ શાળાના બાળ વૈજ્ઞાનિક આહીર ખુશી તથા દાઝી આલિયા દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. સમગ્ર એસ.વી.એસ-1 જલાલપોર અને નવસારી તાલુકાની 11 જેટલી શાળાઓની કૃતિ હતી, જેમાં શાળાએ એસ.વી.એસ કક્ષાએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી ગૌરવ વધાર્યું છે. માર્ગદર્શન અને પ્રેરણા આપનાર શાળાની શિક્ષિકા સીમાબેન આર. મહેતાનો શાળા પરિવાર ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

સોલધરાના યુવકની નેશનલ માસ્ટર એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ માટે પસંદગી

વાંસદા: વાંસદાના વાંદરવેલા સી.આર.સી. સાથે સંકળાયેલા અને ચીખલીના સોલધરા ગામના વતની કૃણાલભાઈ જે. પટેલે રાજ્ય કક્ષાની માસ્ટર એથ્લેટિક્સ ચેમ્પિયન શિપમાં ડબલ વિજય મેળવી ગૌરવપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. તેમણે 5 કિમી સ્પીડ વોક તેમજ 200 મીટર દોડ બંને સ્પર્ધાઓમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. આ ઉત્કૃષ્ટ પ્રદર્શન બાદ કૃણાલભાઈ હવે અજમેર ખાતે યોજાનાર નેશનલ માસ્ટર એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ માટે પસંદગી પામ્યા છે. સોલધરા તથા વાંદરવેલા ગામના લોકોમાં આનંદની લાગણી છવાઈ ગઈ છે. શાળાના શિક્ષકો, સહકર્મીઓએ શુભેચ્છા પાઠવી હતી.

મત્સ્યોદ્યોગ, જળચર ઉછેરને કૃષિનો દરજ્જો આપવા માંગ

ગુજરાત માછી મહામંડળે મત્સ્યોદ્યોગ મંત્રીને કુદરતી આફતોમાં માછીમારો માટે વળતરની રજૂઆત કરી

બીલીમોરા: ગુજરાત માછી મહામંડળનાં પ્રમુખ વાસુભાઈ બાબુભાઈ ટંડેલની આગેવાની હેઠળ મંગળવારે મત્સ્યોદ્યોગ મંત્રી જીતુભાઈ વાઘાણી, નાણામંત્રી કનુભાઈ દેસાઈ, રાજ્ય કક્ષાના મત્સ્યોદ્યોગ મંત્રી પરષોત્તમભાઈ સોલંકીની ગાંધીનગર ખાતે રૂબરૂ મુલાકાત કરી માછીમારોના પ્રશ્નોની રજૂઆત કરી હતી.

અરબી સમુદ્રમાં ચક્રવાતી વાવાઝોડાને કારણે મત્સ્યોદ્યોગ વિભાગ દ્વારા માછીમારી કરતી બોટોને બંદરો ઉપર પરત બોલાવવા આવી હતી. જેના કારણે માછીમારોને આર્થિક નુકસાની વેઠવી પડી હતી. માછીમારોએ સરકાર પાસે માંગણી કરી છે કે જેમ ખેડૂતોને કુદરતી આફતોમાં થતાં નુકસાન માટે વળતર આપવામાં આવે છે, તેવી રીતે માછીમારોને પણ નુકસાન માટે વળતર અપાય. આ સાથે મત્સ્યવ્યવસાયને કૃષિનો દરજ્જો આપવા માટેની રજૂઆત કરવામાં આવી હતી. હાલમાં મહારાષ્ટ્ર સરકાર મત્સ્યોદ્યોગ અને જળચર ઉછેરને કૃષિનો દરજ્જો આપ્યો છે તો ગુજરાત સરકારે પણ મત્સ્યોદ્યોગ અને જળચર ઉછેરને કૃષિનો દરજ્જો આપવો જોઈએ એવી રજૂઆત કરી હતી. સીમેન ટ્રેનિંગ સેન્ટરની દ.ગુજરાતમાં સ્થાપના કરવા અંગે રજૂઆત કરી હતી. આ મુલાકાતમાં ગુજરાત માછી મહામંડળના પ્રમુખ વાસુભાઈ બાબુભાઈ ટંડેલ, ગુજરાત માછી મહામંડળના ઉપપ્રમુખ ગજાનંદ એન. ટંડેલ, શૈલેષભાઈ ટંડેલ, સુનિલભાઈ માછી, ઈશ્વરભાઈ ટંડેલ, અખિલ ગુજરાત માછી મહામંડળના પ્રમુખ કિશોરભાઈ કુહાડા વેરાવળ, પોરબંદર માછીમાર બોટ એસો.ના પ્રમુખ મુકેશભાઈ પાંજરી, તેમજ દક્ષિણ ગુજરાતના માછીમારો સમાજના આગેવાનો, સૌરાષ્ટ્ર માછીમારો સમાજના પ્રમુખો, આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

વાંસદા રાણી ફળિયામાં દીપડાનાં ચામડાં સાથે પાંચ ઝડપાયા

શિડ્યુલ-1 હેઠળ વન્યપ્રાણીના ચામડાની તસ્કરીનો પર્દાફાશ

નિલેશ કાપડીયા

વાંસદા: વાંસદાના રાણી ફળિયા ગામેથી દીપડાના ચામડાની તસ્કરી કરતા ઈસમોને વનવિભાગે રંગે હાથ ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના રાણી ફળીયા ગામેથી ૧૩/૧૧/૨૦૨૫ના રોજ નાયબ વન સંરક્ષક વલસાડ ઉત્તરનાં માર્ગદર્શન હેઠળ રેંજ ફોરેસ્ટ ઓફિસર વાંસદા પશ્ચિમ તથા સ્ટાફ તથા રેંજ ફોરેસ્ટ ઓફિસર વાંસદા પૂર્વ સહિત સ્ટાફ સાથે જી.એસ.પી.સી.એ. બરોડા સાથે રહી બાતમીનાં આધારે રાણીફળીયા ખાતે ભાડેથી રહેતા રાજેશભાઈ માધવભાઈ પણીકરનાં ઘરે રેડ કરતા એમનાં ઘરમાંથી મૃત દીપડાનું ચામડું શિડ્યુલ-૧ મળી આવ્યું હતું.

રાજેશભાઈ પણીકર તેમની પત્ની સુનિતાબેન તથા દીપડાનું ચામડું લાવનાર જયેશભાઈ રામદાસભાઈ ગાંવિત (રહે.શીવારીમાળ જી.ડાંગ) તથા ખરીદવા આવનાર કિરીટભાઈ ચંદ્રકાંતભાઈ ચૌહાણ (રહે. વડોદરા) તેમજ ગિરીશભાઈ ખુશાલભાઈ પરમાર (રહે. વડોદરા)ને દીપડાનું ચામડું, કે જે શિડ્યુલ-૧ માં આવે છે, તેની સાથે રંગે હાથ ઝડપી પાડ્યા છે. તમામ વિરુધ્ધ આગળની વધુ તપાસ મે.નાયબ વન સંરક્ષક વલસાડ ઉત્તરનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવી રહી છે.

વલસાડ શહેરના બેચર રોડ પર નેપાળી શ્રમિકનું સંદિગ્ધ મોત

કન્સ્ટ્રક્શન સાઈટ પરથી મૃતદેહ મળ્યા બાદ નેપાળીએ આપઘાત કર્યો હોવાની દિશામાં પણ પોલીસની તપાસ

વલસાડ: વલસાડ શહેરના બેચર રોડ પર રીડેવલોપમેન્ટ હેઠળની વિષ્ણુ ચેમ્બર બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોર પરથી એક શ્રમિકનો મૃતદેહ મળી આવ્યો છે. બુધવારે સવારે અન્ય મજૂરો કામ પર આવ્યા ત્યારે તેમણે એક દુકાનના શેડમાં યુવકને બેભાન હાલતમાં જોયો હતો. યુવક મૃત હાલતમાં જણાતા તાત્કાલિક લેબર કોન્ટ્રાક્ટર, સ્થાનિક આગેવાનો અને કન્સ્ટ્રક્શન સાઇટના સંચાલકને જાણ કરવામાં આવી હતી. સ્થાનિક આગેવાનો દ્વારા વલસાડ સિટી પોલીસને જાણ કરાતા, પોલીસ અને 112 ઇમરજન્સી ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે મૃતદેહનો કબજો લઈ પ્રાથમિક તપાસ શરૂ કરી છે. મૃતકની ઓળખ રામજી શાહ તરીકે થઈ છે, જે મૂળ નેપાળનો હોવાનું સામે આવ્યું છે. મૃતક છેલ્લા કેટલાક મહિનાથી આ સાઇટ પર મજૂરી કરતો ન હોવાનું સાઇટ સંચાલક કે અન્ય મજૂરો પણ તેને ઓળખતા ન હોવાનું જાણવા મળ્યું છે. તેના મૃતદેહ પાસેથી એક મોબાઈલ ફોન, નેપાળનું ઓળખ કાર્ડ અને નેપાળની બેંકનું ATM કાર્ડ સહિતના કેટલાક ઓળખના પુરાવા મળ્યા છે. પોલીસ હાલ આ દસ્તાવેજોના આધારે યુવકના પરિવારજનોનો સંપર્ક કરવાનો પ્રયાસ કરી રહી છે.

પ્રાથમિક તપાસમાં યુવકના શરીર પર ઈજાના કોઈ નિશાન મળ્યા નથી. વલસાડ સિટી પોલીસ આ બનાવને આપઘાતની દિશામાં તપાસી રહી છે. પોલીસે ઘટનાસ્થળની આજુબાજુના રાત્રિના સમયના CCTV ફૂટેજ પણ તપાસી રહી છે કે યુવક સાથે અન્ય કોઈ વ્યક્તિની અવરજવર હતી કે કેમ. યુવકના મૃત્યુનું સાચું કારણ જાણવા માટે મૃતદેહને વલસાડ સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો છે. વલસાડ સિટી પોલીસના અધિકારીઓએ જણાવ્યું કે, મૃતકના મોબાઈલમાંથી મળેલ કોલ ડિટેલ અને અન્ય પુરાવાઓના આધારે વધુ તપાસ ચાલુ છે.

દમણના પરિયારીમાં કાચા મકાનમાં આગ લાગી

દમણ: સંઘપ્રદેશ દમણના મોટી દમણ પરિયારી વારલીવાડ વિસ્તારમાં ગરીબ આદિવાસી પરિવારના કાચા ઘરમાં આજરોજ સવારે અચાનક આગ લાગી હતી.

ઘરના મોભી ઉમેશ ગણેશ હળપતિ દરિયામાં બોટમાં ખલાસી તરીકે કામ કરતા હોય અને તે હાલમાં બોટ પર કામ માટે ગયા હોય ઘરમાં તેમની માતા અને ધર્મપત્ની હતા, ત્યારે આજરોજ સવારે ઘરમાં વૃદ્ધા ગેસ પર કોઈ વસ્તુ ગરમ કરવા માટે મૂકી ભૂલી ગયા હતા. આ દરમિયાન અચાનક આગ લાગવાનો બનાવ બનવા પામ્યો હતો. સ્થાનિકોએ તુરંત જ મોટી દમણ ફાયર વિભાગને બનાવની જાણ કરતા ફાયર વિભાગની ટીમે બનાવ સ્થળે આવી પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી. સદનસીબે આ ઘટનામાં કોઈને પણ ઈજા પહોંચવા પામી ન હતી. જો કે, આ ઘટનામાં ગરીબ આદિવાસી પરિવારનો ઘરવખરીનો સામાન બળીને ખાખ થઈ જવા પામ્યો છે. આ અંગે ગામના સરપંચે આદિવાસી પરીવારને જોઈતી તમામ સહાય પૂરી પાડવાની બાંહેધરી આપી છે.

ઉમરગામના નારગોલમાં દરિયાઈ સુરક્ષા તંત્ર એલર્ટ

અધિકારીઓએ સામાજિક અગ્રણીઓ અને સ્થાનિકો સાથે મીટિંગ કરી જાગૃત રહેવા સૂચન કર્યું

ઉમરગામ: ઉમરગામના નારગોલમાં દરિયાઈ સુરક્ષા અંગે સ્થાનિક લોકો તથા માછીમારોને જાણકારી આપવામાં આવી હતી અને શંકાસ્પદ વસ્તુ કે કોઈ હિલચાલ જણાય તો તાત્કાલિક નજીકના પોલીસ સ્ટેશનમાં જાણ કરવા સુચના આપવામાં આવી હતી.

ગુજરાતમાં દરિયાઈ સુરક્ષાની અતિ મહત્વપૂર્ણ કામગીરી સંભાળતા અધિક પોલીસ મહાનિર્દેશક તથા પોલીસ મહા નિરીક્ષક દરિયાઈ સુરક્ષા અને મરીન ટાસ્ક ફોર્સ ગાંધીનગર તથા પોલીસ અધિક્ષક મરીન સેક્ટર કમાન્ડર હજીરાના માર્ગદર્શન હેઠળ ઉમરગામ મરીન સેક્ટર લીડર નાયબ પોલીસ અધિક્ષક એ. એમ. કુગસિયા, મરીન લીડર પીએસઆઇ પઠાણ પીએસઆઇ કે. સી. પટેલ, સ્ટેટ આઇબી પી.આઈ કેતનભાઇ રાઠોડ, સ્ટેટ આઈબી પીએસઆઇ કનૈયાલાલ ભાનુશાલી, એસઓજી પી એસ આઇ વાય. બી. હળીયા તથા મરીન કમાન્ડો દ્વારા ઉમરગામ તાલુકાના નારગોલ ખાતે સમાજના અગ્રણીઓ તથા સ્થાનિકોને દેશની સલામતી અને સુરક્ષાના હિતમાં દરિયાઈ સુરક્ષાથી માહિતગાર કરવામાં આવ્યા હતા.

દરિયાઈ માર્ગથી થતી આતંકવાદી પ્રવૃત્તિ અટકાવવા તેમજ દરિયામાં તથા દરિયાકાંઠા વિસ્તારમાં કોઈ શંકાસ્પદ વ્યક્તિ, બીનવારસી વસ્તુઓ અથવા કોઈપણ શંકાસ્પદ હિલચાલ દેખાય તો આવી કોઈપણ ગેરકાયદે પ્રવૃત્તિ બાબતે લોકોએ જાગૃત બની તાત્કાલિક નજીકના પોલીસ સ્ટેશનમાં અથવા પોલીસ કંટ્રોલ રૂમને જાણ કરવાની સમજ આપવામાં આવી હતી.

નવસારી જિલ્લામાં 16મીથી યુનિટી માર્ચ પદયાત્રા યોજાશે

નવસારી: સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણી નિમિતે યોજાનારી 'યુનિટી માર્ચ' પદયાત્રાના આયોજન માટે જિલ્લા કલેક્ટર ક્ષિપ્રા આગ્રેની પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી. કલેક્ટર ક્ષિપ્રા આગ્રેએ જણાવ્યું હતું કે, 'યુનિટી માર્ચ' પદયાત્રા નવસારી જિલ્લામાં દરેક વિધાનસભા પ્રમાણે યોજાશે. નવસારી વિધાનસભા મત વિસ્તારમાં પદયાત્રા ૧૬/૧૧/૨૦૨૫ સવારે ૮:૩૦ વાગે ફુવારા સર્કલથી ઈટાળવા સુધી, વાંસદામાં તા.૧૭મીએ સીતાપુર અંબાજી મંદિરથી ગાંધી મેદાન વાંસદા સુધી, જલાલપોરમાં તા.૨૦મીએ સવારે ૮:૦૦ કલાકે ગાંધી કુટીર કરાડીથી દાંડી મંદિર, ગણદેવીમાં તા.૨૧મીએ ૯:૦૦ કલાકે નાંદરખા ગ્રામ પંચાયતથી સોમનાથ મંદિર બીલીમોરા ખાતે "યુનિટી માર્ચ" પદયાત્રા યોજાશે.

સાદકપોરના આઈસ કેન્ડીના માલિકને 3 માસની સાદી કેદ

50 હજારનો દંડ, 2016માં લેવાયેલા આઈસ કેન્ડીના નમૂના ફેઈલ થયા હતા

ધેજ: ચીખલી નજીકના સાદકપોર ગોલવાડમાં ફૂડ સેફ્ટી અધિકારી દ્વારા ૨૦૧૬ માં લેવાયેલ આઈસ કેન્ડીના નમૂનો ફેઈલ થવાના ગુનામાં ન્યાયધીશ દ્વારા આઈસ કેન્ડીના માલિકને ત્રણ માસની કેદની સજા અને પચાસ હજારનો દંડ ફટકારવાનો હુકમ કરવામાં આવ્યો હતો.

૨૦૧૬માં ખોરાક અને ઓષધ નિયમન તંત્ર નવસારીના સ્ટાફ દ્વારા સાદકપોરના ગોલવાડમાં આઈસ કેન્ડીનું ઉત્પાદન કરી, સંગ્રહ કરી, વેચાણ કરનાર ન્યૂ મહારાજા આઈસ કેન્ડી નામની પેઢીમાં તપાસ કરી કેન્ડીના નમૂના લેવામાં આવ્યા હતા. જેમાં આર્ટિફિશ્યલ સ્વીટનરની હાજરી અને સિન્થેટિક કલરની માત્રા વધુ જણાઈ આવતા સ્વીટસ એન્ડ કન્ફેશનરીના ધોરણો મુજબ ન હોય ફૂડ સેફ્ટી અધિકારી એ. જી. પટેલની ફરિયાદમાં પોલીસે ન્યૂ મહારાજા આઈસ કેન્ડીના માલિક વિરેન્દ્રકુમાર સિધ્ધરામ ગૌતમ (રહે., સાદકપોર, ગોલવાડ કાવેરી પૂલ પાસે, તા. ચીખલી) સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આ કેસ ચીખલીની અધિક ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં ચાલી આવતા ફરિયાદ પક્ષમાં સરકારી વકીલ શિરીષભાઈ પટેલે ધારદાર દલીલ કરી હતી, જેમાં ન્યાયધીશ સુનિલકુમાર દવે દ્વારા ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટની જોગવાઇના ગુનામાં ન્યૂ મહારાજા આઈસ કેન્ડીના માલિક વિરેન્દ્રકુમાર સિધ્ધરામ ગૌતમને ત્રણ માસની સાદી કેદની સજા અને પચાસ હજાર રૂપિયાનો દંડ ફટકારવાનો હુકમ કરવામાં આવ્યો હતો.

પારડી ધગડમાળમાં બાઈક અડફેટે વાછરડાનું મોત

પારડી: પારડી વાઘછીપા નાનાપોઢા નેશનલ હાઈવે 848 પર ધગડમાળ નજીક બાઈક અડફેટે આવી ગયેલા વાછરડાનું મોત નીપજ્યું હતું. સ્થાનિક લોકોએ જણાવ્યું કે છેલ્લા કેટલાક દિવસોથી આ વિસ્તારમાં બે વાછરડા કોઈક દ્વારા છોડી મુકવામાં આવ્યા હતા, જે રસ્તાઓ પર ફરતા જોવા મળતા હતાં.

ઘટનાની જાણ થતાં ગ્રામજનો તરત જ મદદ માટે દોડી આવ્યા અને ઘાયલ બાઈક સવારને 108 મારફત હોસ્પિટલ ખસેડ્યો હતો. અકસ્માત બાદ સ્થાનિક કાર્યકરોએ તંત્ર પાસે માંગણી કરી છે કે છોડી દેવાયેલા પશુઓ માટે સંભાળ કેન્દ્ર અથવા આશ્રયસ્થળ બનાવવામાં આવે અને આવા બેદરકાર પશુપાલકો સામે કડક કાર્યવાહી કરવામાં આવે. જેથી કોઈ જાનહાનિ નહીં થાય.

વાપીમાં બેઝબોલ લઈ ફરતા ઈસમ સામે ગુનો નોંધાયો

વાપી: વાપીમાં બેઝબોલ લઈ ફરતા ઈસમ સામે ગુનો નોંધાયો હતો. વાપી જૂના બસ ડેપો પાસે, રેલવે ફાટક તરફ જતા માર્ગ ઉપર એક ઈસમ હાથમાં બેઝબોલ લઈને ફરતો હોય, જે અંગે પોલીસે પૂછપરછ કરતાં કોઈ સંતોષકારક જવાબ આપ્યો ન હતો. તેનું નામઠામ પૂછતા હરીન્દ્ર ગરીબ સહાની (ઉં.વ.46, રહે., કબ્રસ્તાન રોડ, સત્યુધામ, વાપી, મૂળ યુપી) હોવાનું જણાવ્યું હતું. જાહેરનામા ભંગ બદલ તેની સામે પોલીસ દ્વારા ગુનો નોંધવામાં આવ્યો હતો. નોંધનીય છે કે, થોડા દિવસ પહેલા જ વાપી ગીતાનગર વિસ્તારમાંથી પણ બેઝબોલ લઈને ફરનાર યુવક સામે પોલીસે પગલા